# બાયડ નગરપાલિકામાં ભગવો લહેરાયો

## કોંગ્રેસના સુપડા સાફ : ભાજપ-૧૩, એનસીપી-૧૧ અને કોંગ્રેસના ફાળે શૂન્ય : ભાજપની ભવ્ય રેલી

મોડાસા, તા. ૨૩

બાયડ નગરપાલિકાની સામાન્ય ચૂંટણી માટે ૨૧ ફેબ્રુઆરી રવિવારે લોખંડી બંદોબસ્ત વચ્ચે પાલિકાની ૬ વોર્ડની ૨૪ બેઠકો માટે જંગી મતદાન થતા ચૂંટણી પહેલા અને નગરજનોએ કરેલા મતદાન પછી બાયડ નગરપાલિકામાં ભાજપ, એનસીપી અને કોંગ્રેસે જીતના દાવા કર્યા હતા. ૨૩ ફેબ્રુઆરી મંગળવારના રોજ સવારે ૮ કલાકે બાયડ પ્રાંત કચેરી ખાતે ચૂસ્ત બંદોબસ્ત વચ્ચે મતગણતરી યોજાઈ હતી. જેમાં બાયડ નગરપાલિકામાં નગરજનોએ પુનરાવર્તન પર કળશ ઢોળતા ભાજપનો ભગવો લહેરાયો હતો. નગરપાલિકાની ચૂંટણીમાં પાટીદાર અનામત આંદોલન, મોંઘવારીના મુદ્દાની હવા નીકળી ગઈ હતી. નગરપાલિકામાં ભાજપ સત્તાધીશોના વિકાસશીલ કામોનો મુદ્દો ભાજપના ઉમેદવારોને જીતાડવામાં સફળ થયો હતો. બાયડ નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસના શાસનથી કંટાળેલા રાજકીય અગ્રણીઓએ એનસીપીના નેજા હેઠળ ચૂંટણી જંગમાં જંપલાવતા ભાજપની જીતમાં નાકે દમ લાવી દીધો હતો. જ્યારે કોંગ્રેસના ઉમેદવારોનો કરૂણ રકાસ થતા એક પણ સીટ જીતી ન શકતા કોંગ્રેસ પક્ષના આબરૂના લીરેલીરા ઉડી ગયા હતા.



અરવલ્લી જિલ્લાની તાજેતરમાં યોજાયેલ ચૂંટણીઓમાં ફરી એકવાર ભાજપ પર પ્રજાજનોએ જીતનો કળશ ઢોળ્યો હતો. બાયડ પ્રાંત કચેરીએ મતગણતરી હાથ ધરાવાની હોવાથી વહેલી સવારથી ભાજપ, એનસીપી અને કોંગ્રેસ પક્ષના ઉમેદવારો જીતના દાવા સાથે મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. સવારે ૯ કલાકે રાબેતા મુજબ શરૂ થયેલી મત ગણતરીમાં વોર્ડ નં. ૧માં ભાજપના ૪ ઉમેદવારોની અનિશ્ચિત લાગતો વિજય નિશ્ચિત બનતા ભાજપના કાર્યકરો અને સદસ્યો ઝુમી ઉઠ્યા હતા. વોર્ડ નં. ૨માં એનસીપીએ ૩ પર અને બીજેપીએ ૧ પર તથા વોર્ડ નં. ૩ અને ૪માં એનસીપીના ૪-૪ ઉમેદવારો જીતતા ભાજપના ગઢમાં ગાબડુ પડતા એનસીપીના કાર્યકરો અને સદસ્યોએ બાયડ નગરપાલિકાની સત્તા હાથવેંતમાં લાગતા ગેલમાં આવી ગયા હતા જ્યારે ભાજપના સદસ્યો અને કાર્યકરોમાં સન્નાટો વ્યાપી ગયો હતો. થોડીવાર વોર્ડ નં. ૫ અને ૬માં હાથ ધરાયેલી મતગણતરીમાં ૪-૪ સીટો પર ભાજપનો ભગવો લહેરાતા ૨૪ સીટમાંથી ૧૩ પર ભાજપ અને ૧૧ પર એનસીપીના ઉમેદવારો જીત્યા હતા. ત્રીકોણીય લાગતો જંગમાં કોંગ્રેસની પેનલનો એક પણ ઉમેદવાર જીતી ન શકતા કોંગ્રેસના ઉમેદવારોમાં ગમગીની છવાઈ ગઈ હતી. જ્યારે એનસીપીના મોઢામાં આવેલો કોળીયો છીનવાઈ જતા એનસીપીના ટેકેદારો અને ઉમેદવારોમાં સોંપો પડી ગયો હતો. ભાજપા દ્વારા નગરપાલિકાની ચૂંટણીમાં કઠિન જણાતો જંગ જીતી લેતા ભાજપના કાર્યકરો અને ઉમેદવારો ખુશીથી જુમી ઉઠ્યા હતા. બાયડ નગરપાલિકાની જીતેલા ઉમેદવારોએ ડીજેના તાલે ભવ્ય વિજય સરઘસ નીકાળ્યા હતા. બાયડ નગરપાલિકામાં ભાજપનો વિજય થતા સુધીર પટેલે જણાવ્યું હતું કે ભાજપ શાસનમાં નગરમાં વિકાસની નવી સીમાઓ હાંસલ કરી છે. આ વખતે પણ પ્રજાજનોએ ભાજપની વણથંભી વિકાસ યાત્રાને ધ્યાને લઈ પુનઃ સત્તા અને વહીવટ કરવાની તક આપતા બાયડનો વિકાસ અને પ્રજાજનોની પડતી સમસ્યાઓ દૂર કરીશુ. બાયડની પ્રજાનો દિલથી વિજેતા બનેલા ભાજપ અને એનસીપીના ઉમેદવારોએ બાયડના નગરજનોનો આભાર માન્યો હતો.



# હિંમતનગરના જુના માર્કેટયાર્ડમાં આવેલ નાગરિક બેંકમાં ચોરીનો પ્રયાસ

હિંમતનગર, તા.૨૩

હિંમતનગર સહિત સાબરકાંઠા જિલ્લામાં ઘરફોડ ચોરીના બનાવોનો ભેદ ઉકેલવા માટે હપ્તાખાઉ પોલીસ સરેઆમ નિષ્ફળ રહી છે ત્યારે પ્રજાના જાનમાલની કોઇ સલામતી દેખાતી નથી. દરમિયાન શનિવારે રાત્રે હિંમતનગરના મહાવીરનગર વિસ્તારમાં આવેલ જુના માર્કેટયાર્ડ સ્થિત હિંમતનગર નાગરિક બેંકની શાખામાં ચોરીનો પ્રયાસ કરવા આવેલા પ્રાંતિજ તાલુકાના મામરોલી ગામનો એક શખ્સ ચોકીદારની સજાગતાને કારણે ઝડપાઇ ગયો છે.

આ અંગેની વિગત એવી છે કે જુના માર્કેટયાર્ડમાં આવેલ હિંમતનગર નાગરિક બેંકની શાખામાં ચોરી કરવાના આશયથી પ્રાંતિજ તાલુકાના મામરોલી ગામના નરેશસંગ દોલસંગ મકવાણા શનિવારે રાત્રે બાઇક લઇને આવ્યો હતો. ત્યારબાદ બેંકના પાછળના ભાગેથી ધાબા ઉપર આવી સીડી ઉતરી પ્રથમ બેંકમાં લગાવાયેલ સીસી ટીવી કેમેરા તોડી નાખ્યા હતા. ત્યારબાદ આ શખ્સે મુખ્ય દરવાજો તોડવા માટે પક્કડ અને ડીસમીસનો ઉપયોગ કર્યો હતો.

દરમિયાન માર્કેટયાર્ડમાં રાત્રે ચોકી કરતા દેધરોટાના છત્રસિંહ હાલુસિંહ ઝાલાને અવાજ સંભળાતા તેમણે નાગરિક બેંકના દરવાજા ઉપર ટોર્ચનો પ્રકાશ નાખ્યો હતો. જેથી ચોરી કરવા આવેલ નરેશસંગ બેંકની સીડી ચઢી ધાબા ઉપર જઇ બાજુમાં આવેલ એક દુકાનના ધાબા ઉપર સંતાઇ ગયો હતો. દરમિયાન સમય સૂચકતા વાપરીને ચોકીદાર છત્રસિંહ ઝાલાએ રાત્રે ૨-૪૫ વાગ્યાના સુમારે પોલીસને જાણ કરતા ડી.વાય.એસ.પી. બ્રહ્મભટ્ટ તથા અન્ય પોલીસ સ્ટાફ દોડી આવ્યો હતો અને આસપાસના મકાનોને કોર્ડન કરી શોધખોળ કરી હતી.

આખરે બેંકની બાજુમાં આવેલ એક દુકાનના ધાબા ઉપર છુપાયેલ નરેશસંગ મકવાણા પકડાઇ ગયો હતો. ત્યારબાદ એ-ડીવીઝન પોલીસે બેંક મેનેજર હનીફભાઇ વલીભાઇ મેમણની ફરિયાદને આધારે પી.આઇ. ડોડીયા તથા એ.એસ.આઇ. મનહરભાઇ શર્માએ પંચનામુ કર્યા બાદ બેંકના ચેરમેન દિનેશભાઇ મહેતાને જાણ કરતા ડીરેકટર દિલીપભાઇ શાહ, નલીનભાઇ પટેલ, નલીનભાઇ કોટડીયા તથા અન્ય લોકો દોડી આવ્યા હતા.



# અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના ઝરડા ગામના ગ્રામજનો દ્વારા મેઘરજ મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યુ

ઝરડા ગામના રહીશ તરાળ ઈશ્વરભાઈ જીવાભાઈ પોતાના ઘરેથી ૪ વાગ્યાના સમયે કટારા રમેશભાઈ ભુરાભાઈ રહે. ઝરડાના ઘરે પૈસાની ઉઘરાણીએ ગયેલા હતા. ત્યાર પછી તેઓ ઘરે પરત ન આવતા બીજા દિવસે તા. ૨૪-૧૦-૨૦૧૪ના રોજ તેમનો મૃતદેહ કટારા રમેશભાઈ ભુરાભાઈના ઘર નજીક વાઘામાંથી મળી આવ્યો હતો. તે મૃતદેહ મેઘરજ પોલીસમથકમાં જાણ કરતાં એ બાબતે એડી દાખલ કરવામાં આવી હતી. અને મૃતદેહનું પોસ્ટમોટન પણ કરવામાં આવ્યું હતું. પરંતુ પી.એમ. રીપોર્ટ આવી ગયા બાદ પણ આજદિન સુધી કોઈ પણ જાતની તપાસ ન થતાં આ કેસની ઉચ્ચસ્તરીય તપાસ માટે મૃતકના પરિવાર દ્વારા મામલતદારશ્રીને તા. ૨૨-૨-૨૦૧૬ને સોમવારના રોજ આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.

# ભિલોડા તાલુકામાં દિપડાનો આંતક

## ભિલોડા તાલુકાના રામનગર, વણઝર ગામ સહિત આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાં દિપડાનો આંતક : ખેડૂતો અને પશુ પાલકો ભયભીત : દિપડાને વન વિભાગ દ્વારા ઝડપી લેવા ખેડૂતોની પ્રબળ માંગ

ભિલોડા, તા. ૨૩

અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના રામનગર અને વણઝર ગામ સહિત આજુબાજુના અંતરીયાળ ડુંગરાળ ગ્રામ્ય વિસ્તારોમાં દિપડાનો આંતક વધતા ખેડૂતો અને પશુપાલકોમાં ભારે ફફડાટ ફેલાયો છે. ભિલોડા તાલુકાના રામનગર ગામના સામાજીક કાર્યકર સંકેતભાઈ શંકરભાઈ ચૌધરીએ વન-વિભાગમાં લેખીત અરજી આપી જાણ કરેલ છે કે સત્વરે વન વિભાગ દ્વારા વન્ય હિંસક પ્રાણી દિપડાને પાંજરૂ મુકી પકડવામાં આવે તેવી લોક માંગણી છે. ભિલોડા વન વિભાગના આર.એફ.ઓ. એ જણાવ્યું હતું કે દિપડાને પાંજરૂ મુકી સત્વરે ઝડપી લેવામાં આવશે તેમ જણાવ્યું હતું. ભિલોડા તાલુકાના આંતરીયાળ ડુંગરાળ વિસ્તારોમાં વન્ય હિંસક, પ્રાણીઓ તેમજ દિપડાનો આંતક વધતા પ્રજાજનો, ખેડૂતો, પશુપાલકો ભયભીત બની ગયા છે. ભિલોડા વન વિભાગ દ્વારા સત્વરે ન્યાયીક કાર્યવાહી કરવા લોકમાંગણી છે.



## મોડાસાના મુલોજ ગામની સીમમાંથી કોન્સ્ટેબલનો મૃતદેહ મળતા ચકચાર

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના મુલોજ ગામના દિગ્વિજયસીંહ કનુભાઈ ખાંટ નવસારી પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા. અચાનક અઠવાડિયા પહેલા પોલીસમાં ફરજ બજાવતા કોન્સ્ટેબલ ગુમ થતા પરિવારજનોએ શોધખોળ આદરી હતી. ત્યારે મંગળવારે બપોરે મુલોજ ગામની સીમમાંથી ગુમ થયેલા કોન્સ્ટેબલનો મૃતદેહ મળી આવતા તેના પરિવારજનોને આ ઘટના અંગે જાણ થતા ગ્રામજનો અને પરિવારજનો ઘટનાસ્થળે ધસી આવ્યા હતા. ગામલોકોને કોન્સ્ટેબલની હત્યા કરાઈ હોવાની આશંકા વ્યક્ત કરાઈ હતી. પોલીસ કોન્સ્ટેબલનો મૃતદેહ મળ્યો હોવાની જાણકારી મોડાસા રૂરલ પોલીસ સ્ટેશને થતા મોડાસા રૂરલ પોલીસે ઘટનાસ્થળે પહોંચી જઈ કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી. આ ઘટના અંગે આજુબાજુના ગામમાં વાયુવેગે પ્રસરી જતા લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા.

# ચિલોડા-હિંમતનગર નેશનલ હાઈવે પરની હોટલો ગેસ્ટહાઉસોમાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓની ફરિયાદ

પ્રાંતિજ, તા. ૨૩

સાબરકાંઠા જિલ્લાના નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ હોટલોમાં આવેલ ગેસ્ટહાઉસોમાં ચાલતી ગેરકાયદેસર પ્રવૃત્તિઓએ માઝા મુકી છે. પૈસા કમાવાની લ્હાયમાં જિલ્લા કલેકટરના આદેશની જાહેરમાં એસી કી તૈસી કરી તંત્ર હપ્તાની લ્યાહમાં ચુપકી સેવી રહ્યું છે.

મળતી માહિતી મુજબ પ્રાંતિજ તથા તાલુકામાં નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ મોટાભાગની હોટલો પરવાના વગર ધમધમી રહી છે અને હોટલની અંદર ગંધકી ખદબદી રહી છે. જ્યારે કેટલાય નામચીન હોટલ માલિકો ખાલી હોટલની આડમાં ગેસ્ટહાઉસો પણ ચલાવે છે. અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સહિત જાહેરમાં જિલ્લા કલેક્ટરના જાહેર નામાનો જાહેરમાં ભંગ છતાં તંત્ર માત્ર હપ્તાની લ્હાયમાં ચુપકી સાધાને બેઠુ હોય તેવું લાગી રહ્યું છે.

જ્યારે ગેસ્ટહાઉસોમાં રોજના દિવસ દરમ્યાન કેટલાય લોકોની અવરજવર થતી હોય છે અને ગેસ્ટહાઉસ માલિકો દ્વારા આઈડી પ્રુફ પુરાવા લેવામાં આવતા નથી અને તાત્કાલિક એન્ટ્રી આપવામાં આવે છે. જ્યારે સીસીકેમેરા પણ ખાલી દેખાવ પુરતા હોય છે. અને ઘણીવાર કોઈ મોટો ઈસ્યુ કે પ્રશ્ન ઉભો થાય તો હોટલ ગેસ્ટહાઉસ માલિકો દ્વારા કહેવામાં આવે છે કે કેમેરા બંધ છે અને ખાલી શોભાના ગાંઠીયાની જેમ કેમેરા સીસ્ટમ હોય તેવું જણાઈ આવે છે. જ્યારે મોટા ભાગે ગેસ્ટ હાઉસોમાં બે દરવાજા કે પાછળના ભાગે સીડી રાખવામાં આવે છે અને મોટાભાગની બે નંબર માટે અવરજવર કરવામાં આવતી હોય છે. ત્યારે હોટલ વેઈટરો કે ગેસ્ટ હાઉસમાં રાખવામાં આવેલ માણસોના કે સ્ટાફનો પોલીસ ચોપડે નોંધણી કરવામાં આવતી નથી અને જાહેરનામાની એસીકી તૈસી ભંગ થતો જોવા મળે છે.

જ્યારે નેશનલ હાઈવે આઠ ઉપર આવી કેટલાય સમયથી પરવાનાથી વંચિત છે તો જ્યારે ખરેખર તપાસ થાય તો કેટલીય પરવાના વગર ચાલતી હોટલો સહિત ગેસ્ટ હાઉસોમાં ચાલતી પ્રવૃત્તિઓનો પર્દાફાશ થાય તો નવાઈ નહી. અને આમાં નામચીન હોટલો પણ આવી જાય તો નવાઈ નહી.

## ભિલોડા તાલુકા પંચાયત કારોબારી અધ્યક્ષ પદે નિમણુંક

ભિલોડા,તા.૨૩

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા પંચાયતની કારોબારીની મીટીંગ તાજેતરમાં યોજાઈ હતી.ભિલોડા તાલુકા પંચાયત



કારોબારી અધ્યક્ષ પદે મુકેશભાઈ ખુમાભાઈ પટેલ, ભિલોડા (બાપા સીતારામ ઈલે. સબમર્સીબલ મોટર રીવાઈડીંગ વર્કસ)વાળાની નિમણુંક કરાતાં ભિલોડા તાલુકામાં આનંદની લાગણી પ્રસરી છે. અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકાના રાજકીય અગ્રણીઓએ શુભકામનાઓ પાઠવી હતી.

# ડીસાના સમો ગામે ડમ્પરની ટક્કરે માસુમ બાળકનું મોત

ડીસા, તા. ૨૩

ડીસા તાલુકાના સમો ગામે બનેલા એક અકસ્માતના બનાવમાં પોતાનું ડમ્પર ટ્રક ગફલતભરી રીતે હંકારી એક ચાલકે રોડ પર આંગણવાડીમાં ભણવા જતા એક પાંચ વર્ષીય બાળકને અડફેટે લઈ ટક્કર મારતા આ માસુમ બાળક ટ્રકના તોતિંગ ટાયરો નીચે આવતા ચગદાઈ મોતને ભેટ્યુ હતુ. જ્યારે અકસ્માત કરી ડમ્પર મુકી ચાલક ફરાર થઈ ગયો હતો. આ મામલે ડીસા તાલુકા પોલીસે ગુનો નોંધી ડમ્પર ચાલકની તલાશ હાથ ધરી છે.

આ કરૂણાંતિકાની વિગતો જોઈએ તો ડીસા તાલુકાના સમો ગામે આજે સવારે આંગણવાડીમાં ભણતો પાંચ વર્ષીય બાળક હરમીત પ્રજાપતિ રસ્તા પરથી પસાર થઈ રહ્યો હતો તેવા જ સમયે માતેલા સાંઢ જેવું ડમ્પર રસ્તા પરથી પસાર થયું હતું. જેમાં ચાલકે આડેધડ પુર ગતિથી વાહન ચલાવી આ માસુમને જોરદાર ટક્કર મારતા પાંચ વર્ષીય હરમીત ડમ્પરના તોતિંગ ટાયરો વચ્ચે આવતા તેના માથા પરથી ટાયરો પસાર થયા હતા અને તેની ખોપરી ફાટી જતા આ બાળકનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. જોકે અકસ્માત કરી બાળકને મોતને ઘાટ ઉતારી ડમ્પર ચાલક ફરાર થઈ ગયો હતો. જોકે રોષે ભરાયેલા લોકોએ ડમ્પરના કાચ ફોડ્યા હતા, જે બાદ આ મામલે મૃત બાળકના પિતા અશ્વિનભાઈ પ્રજાપતિએ ડીસા તાલુકા પોલીસ મથકમાં ભાગેડુ ડમ્પર ચાલક વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે. જોકે માસુમના મોતથી સમગ્ર ગામમાં શોકનું વાતાવરણ છવાયું હતું.

# પ્રાંતિજના કમાલપુર ખાતે નેત્ર નિદાન સારવાર કેમ્પ યોજાયો

પ્રાંતિજ, તા. ૨૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના કમાલપુર ખાતે આવેલ પ્રાથમિક શાળામાં રવિવારના રોજ સર્જન ફાઉન્ડેશન દ્વારા વિનામૂલ્યે નેત્ર નિદાન સારવાર કેમ્પ યોજાઈ ગયો.

પ્રાંતિજના કમાલપુર ગામે નેત્ર નિદાન સારવાર કેમ્પ યોજાયો હતો. જેમાં પ્રાંતિજ તથા આજુબાજુમાંથી ૨૫ જેટલા ગામોના કુલ ૧૦૫૦ દર્દીઓએ લાભ લીધો હતો. જેમાં ૬૧૦ વ્યક્તિઓને રાહત દરે નંબર ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું. જ્યારે મોતીયાના કુલ ૯૬ દર્દીઓનું ઈડર ખાતે આવેલ આત્મવલ્લભ હોસ્પિટલમાં મફત ઓપરેશન કરવામાં આવશે. અને આ દર્દીઓની રહેવા જમવાની તેમજ તેમણે ઓપરેશનના સ્થળે જવા આવવા માટે વાહનની સગવડ પણ વિનામૂલ્યે આપવામાં આવશે. ત્યારે આ પ્રસંગે સર્જન ફાઉન્ડેશન મેનેજીંગ ટ્રસ્ટી બી.આર. શાહ, આંખના સર્જન ડૉ. અપૂર્વ સુથાર, પ્રોજેક્ટ ઓફિસર અશોક પરમાર તથા શાળાના આચાર્ય તથા સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.

# લક્ષ્મીપુરા પાસેથી વિદેશી દારૂ સાથે શખ્સ ઝડપાયો : એક ફરાર

હિંમતનગર, તા.૨૩

ખેડબ્રહ્મા પોલીસે રવિવારે દારૂની ખેપની બાતમીના આધારે લક્ષ્મીપુરા ગામ પાસે વોચ ગોઠવી હતી અને જીપગાડીનો ફિલ્મી ઢબે પીછો કરી વિદેશી દારૂની બોટલ નંગ-૧૮૨૩, મોબાઈલ-રોકડ તથા જીપગાડી મળી રૂા.૪,૩૯,૩૦૦ના મુદ્દામાલ સાથે એક શખ્સને ઝડપી પાડી જેલને હવાલે કરી દીધો હતો. જ્યારે એક નાસી છુટવામાં સફળ રહ્યો હતો.

ખેડબ્રહ્મા પી.એસ.આઈ. એસ.એમ.ગામેતીને રાજસ્થાન તરફી નાકા-લક્ષ્મીપુરા થઈ દારૂથી ભરેલી સફેદ જીપ પસાર થવાની બાતમી મળી હતી. તેથી પોલીસ સ્ટાફ પો.કો.વિજય ભીખાભાઈ, રાજેન્દ્રસિંહ ખુમાનસિંહ તથા પ્રતાપ ભુરજીભાઈ સાથે લક્ષ્મીપુરા ગામથી આગળ રવિવારે બપોરે વોચ ગોઠવી હતી. દરમિયાન કલોલ નાકા બાજુથી ટાટા સુમો જીપ નંબર જીજે.૧૮.બીએ.૫૯૪૫ આવી રહી હતી. જીપ ચાલકને જીપ ઉભી રાખવા હાથ બતાવવા છતાં જીપ ઉભી રાખી ન હતી અને લક્ષ્મીપુરા ગામમાં થઈ કરૂડા, મેધ બાજુ ભાગ્યો હતો. પોલીસે જીપનો પીછો કરી મેધ તથા થેરાસણા ગામની વચ્ચેના ડીપ ઉપર જીપને ઓવરટેક કરી આંતરી હતી. જીપ ઉભી રખાવી હતી. દરમિયાન જીપનો ચાલક તથા બાજુમાં બેઠેલ શખ્સ ભાગવા જતો હતો. દરમિયાન પોલીસે બાજુમાં બેઠેલા શખ્સને ઝડપી પાડયો હતો અને જીપનો ચાલક નાસી છુટવામાં સફળ રહ્યો હતો.